# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

વૃક્ષારોપણ થાય તો છે, ઉગે છે કેટલાં?
શાળા પ્રવેશ પછી છેક પૂગે છે કેટલાં?
સૂગ છે પ્રજાને આ સરકારી ભવાઇની -
છે ખોટાં મોતી આંકડાનાં, ચૂગે છે કેટલાં?

## હાઈકુ

'સીડી'નું મૃગ
કારોબારી હરણ -
સોનાની લંકા
(રાવણ - રાજ)

પાથરે બધા,
રાષ્ટ્રપતિ 'મત'ની
'પેકેજ' જાળ
(વાંકી આંગળીએ ઘી)

## ચિંતન

**નિર્વીયા પૃથિવી નિરોધ ધિરસા નીચા મહત્ત્વં ગતા**
**ભૂપાલા નિજકર્મધર્મ રહિતા વિપ્રાઃ કુમાર્ગે રતાઃ ।**
**ભાર્યા ભર્તૃ વિરોધિની પરસ્તા પુત્રાઃ પિતૃદ્વેષિણા**
**હા કષ્ટં ખલુ વર્તતે કલિયુગે ધન્યા નરા યે મૃતાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'કળિયુગનો મહિમા'માંથી આ શ્લોક છે :

'આ કળિયુગમાં પૃથ્વી આભા-ઓજસ વિનાની 'નિસ્તેજ' થઇ ગઇ છે. ઔષધીઓ રસ વિનાની થઇ ગઇ છે, હલકાં વર્ણના નીચ-દુર્જન લોકો ઉચ્ચપદની પ્રાપ્તિ કરે છે, રાજાઓ - (પ્રધાન નેતા અધિકારીઓ) પોતાના કર્તવ્ય-ધર્મને ચૂક્યા છે, બ્રાહ્મણો પોતાનો ધર્મ ચૂકી કુમાર્ગે ચઢી ગયા છે, પત્નીઓ, પતિનો વિરોધ કરનારી સામે વાદ-પ્રતિવાદ કરી જવાબો આપનારી થઇ ગઇ છે, અને પરપુરૂષમાં રત છે, પુત્રો પિતાનો દ્વેષ કરે છે આજ્ઞાધીન રહ્યા નથી, તેથી આ કળિયુગમાં ઘરેઘર કષ્ટ વ્યાપી રહ્યું છે, આવા કળિયુગમાં જીવવા કરતાં જે લોકો મૃત્યુ પામ્યા છે તે ખરેખર ધન્ય થઇ ગયા છે.'

આજના કળિયુગમાં જમીનના કાવાદાવા ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળ, દવા-ઇન્જેંકશનમાં બનાવટ, પ્રધાનો-સચિવો પોતાના કર્તવ્ય ધર્મથી ચલિત, દંપતિઓ બેવફાઇ અને સંતાનોમાં અવિવેક આ બધું જ કળિયુગનું પરિણામ છે. સંસારમાં કોઇને પણ કોઇથી સંતોષ નથી. આવા કળિયુગમાં જીવવાં કરતાં ઇશ્વર મુક્તિ આપે તો સારું..

## સુવિચાર

- સાત્ત્વિક અને આનંદી વિચારો જ માણસને શાંતિ અને સુખ આપે છે - **સ્વેટ માર્ડન**
- નમ્રતા એ તમામ સદ્‌ગુણોનો મજબૂત પાયો છે - **કોન્ફ્યુશિયસ**
- નિરાશા એ મૂર્ખતાનું પરિણામ છે - **ડિઝરાયેલી**
- નશીબ હંમેશાં પુરૂષાર્થ સાથે જ જાય છે - **ગોલ્ડ સ્મિથ**
- આપણને કોઇ પણ ડરથી કદાપિ ડરવું ન જોઇએ - **રૂઝવેલ્ટ**
- દરેક માનવી પોતાના ભાગ્યનો નિર્માતા છે - **સોલસ્ટ**
- સમાન સ્તર, સમાન બુધ્ધિ, સરખો સ્વભાવ હોય તો જ લગ્ન-મૈત્રી ટકી રહે છે - **ચાણક્ય**

## બોધકથા

પત્નીનો પ્રેમ, પ્રોત્સાહન પતિને ખૂબ જ 'પ્રેરક બળ' બની મદદરૂપ થઇ શકે છે. જો એ સમજુ-વિદ્વાન હોય તો... કેટલીક તો પતિની વાત પૂરી થાય ને, 'ના એમ નહીં' - થી જ શરૂ થઇ જતી હોય છે. અહીં બે મહાન વ્યક્તિના પત્ની તરફના 'પૂજય' ભાવની વાત છે..

પ્રસિધ્ધ લેખક 'ડેલ કાર્નેગી' એ વિશ્વ પ્રસિધ્ધ પુસ્તક - હાઉ ટુ વીન ફ્રેન્ડ્સ એન્ડ ઇન્ફ્લુઅન્સ પીપલ (મિત્રોને કેમ જીતવા અને લોકોને કેમ વશ કરવા) એ વિષયનું છે એમણે એ સ્વીકાર્યું કે આ પુસ્તક લખવાની પ્રેરણા મને મારી પત્નીના પુસ્તક (ડોરોથી કાર્નેગી) થી મળી હતી. ડોરોથી એ પુસ્તક લખ્યું હતું કે 'પતિની પ્રેરણામૂર્તિ કેમ બનશો!'

બીજું, દૃષ્ટાંત રશિયાના ક્રાંતિકારી વીર સ્ટાલીન રૂક્ષ-લડાયક સ્વભાવના નેતા હતા. ૧૯૦૪ માં એ સાઇબેરિયાથી પાછા આવ્યા, અને કેથેરીન નામના ઇશ્વરભીરૂ - ધર્મનિષ્ઠ યુવતી સાથે લગ્ન કર્યાં. તેના વ્યવહાર અને આચરણ દ્વારા સ્ટાલીન જેવા સ્ટાલીનને પણ સહિષ્ણુ - ભાવુક યુવક બનાવી દીધા.

દુર્ભાગ્ય-વસાત માત્ર ત્રણ વર્ષમાં ૧૯૦૭માં કેથેરીનનું અવશાન થયું. પછી સ્ટાલિને નોંધ્યું છે કે એના મૃત્યુ સાથે જ 'માનવતા' લક્ષી મારી બધી જ માન્યતાઓ પણ મરી પરવારી. સારી પત્નીનું મહત્ત્વ તો સ્ટાલીન જેવા કોઇક જ જાણે..

# વિવેકાનંદજી એટલે દિવ્ય જ્ઞાનથી પાવન થયેલી દૃષ્ટિનું અમર ચરિત્ર

## શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

## સ્વામિ વિવેકાનંદજી વિશેષ

**વ્યક્તિનું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે, પુનર્જન્મ અને આનુવંશિક સંસ્કારોની બાબત હજુ પણ વણ ઉકેલી છે, કયારેક આવી ઘટનાઓ થકી આપણે શ્રધ્ધેય બનીએ છીએ**



'ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત' ની વીર ગર્જના જગાડી નિદ્રાધીન ભારતમાં ચેતનાનો પ્રાણ ફૂંકનાર મહા તપસ્વી સ્વામી વિવેકાનંદને પ્રાર્થીને તેમના જીવનમાં ડોકિયું કરવાની શરૂઆત કરૂં છું. સ્વામીજીની જન્મશતાબ્દી સ્મૃતિ મંગલ ઉત્સવ રૂપે ઉજવાઇ. સ્વામીજી જીવન - કર્મ - સંપર્ક - સાધના અને પ્રવચનો ગ્રંથરૂપે આકાર થયાં. દેશની બધી જ ભાષાઓમાં તેમનું જીવનકાર્ય શબ્દરૂપે છવાઇ ગયેલું છે. આજના સમયે રાષ્ટ્ર અને વિશ્વ તેમની ૧૫૦મી જન્મજયંતિના વર્ષમાં પસાર થઇ રહ્યું છે. સ્વામી વિવેકાનંદ સાર્ધ શતી અવસરે સૌ સદા વિવેકાનંદમય્‌ની અનુભૂતિ આચરીએ...!

જીવનનું સાફલ્ય શું? પદ, પ્રતિષ્ઠા, વૈભવ કે બીજું કંઇ? આ બધાથી પર દૃષ્ટિનું ખીલવું જીવનની સફળ વાટ છે, આનંદ માર્ગ છે. વિવેકાનંદજી એટલે દિવ્ય જ્ઞાનથી પાવન થયેલી દૃષ્ટિનું અમર ચરિત્ર, અને એવા યુગપુરૂષ વિશે હું શું લખીશ. એવો ડર સતાવે છે તેમ છતાં એક પાવક મહાપુરૂષના જીવન સ્પર્શથી મારી દૃષ્ટિને પણ નાની કેડી મળે એમ સમજું છું. સ્વામીજીના અખંડ કર્મયોગ અને ઇશ્વર- પરાયણતાથી પરિપૂર્ણ જીવનની શબ્દનિશ્રામાં વૈચારિક ગતિમાં સમજ મુજબનાં ડગલાં ભરતાં આનંદ અનુભવું છું...! લેખમાળામાં કુદરતના અનંત આશિષ સુધી સ્વામી વિવેકાનંદજીને માણવાના અવસરનો નિમિત્ત બનું છું.

એ યુગપુરૂષનો જન્મ કલકત્તાના સીમલા નામના પરામાં રહેતા સાલિન દત્ત કુટુંબમાં થયો હતો. સંવત ૧૯૧૯ ના પોષ વદ સાતમને સોમવાન સને ૧૮૬૩ ના જાન્યુઆરીની બારમી તારીખે સૂર્યોદયને હજી છ મિનિટની વાર હતી. ત્યારે એ મહાન આત્મા આ ધરતી પર અવતરે છે. દત્ત કુટુંબ પાસે કેટલીયે પેઢીઓથી એકઠી થયેલી સંપત્તિ અને પ્રતિષ્ઠા પણ હતી. સાથે દાનવીર સ્વભાવ અને વિદ્યાવ્યાસંગનાં સંસ્કાર હતા. સ્વામીજીના પ્રપિતામહ શ્રી રામમોહન દત્ત અંગ્રેજ સોલિસિટરના મેનેજિંગ કલાર્ક અને ભાગીદાર હતા. રામમોહનજીને બે પુત્રો હતા - દુર્ગાચરણ અને કાલીપ્રસાદ. દુર્ગાચરણ એ સ્વામીજીના પિતામહ (દાદા). દુર્ગાચરણજી અનેક ગુણ સંપન્ન અને સંસ્કૃત ભાષામાં પારંગત હતા. પિતાના જન્મજાત સંસ્કારમાં કાયદાના જ્ઞાન સાથે ધંધાદારીમાં જોડાયા પણ વિધાતાનું નિર્માણ કંઇક જુદું જ હતું. દુર્ગાચરણજીની વૈરાગ્યવૃત્તિ એટલી પ્રબળ બની કે પુત્ર જન્મ પછી તરત જ માત્ર પચ્ચીસ વર્ષની ઉંમરે સંન્યાસ સ્વીકારે છે. તેમના પુત્રનું નામ વિશ્વાનાથ દત્ત. સદીઓ પછી બુધ્ધના જીવનનું પુનરાવર્તન થઇ રહ્યું. પોતાના કુળમાં અજરામર આત્માના અવતરણ માટેની આ ત્યાગવૃત્તિ હતી.

દુર્ગાચરણના સંન્યાસ પછીની એક ઘટના યાદગાર છે. દત્ત પરિવાર કાશીની યાત્રાએ ગયો હતો. વિશ્વનાત એ વખતે ખૂબ નાના હતા. તેમનાં માતાએ એ દિવસે સ્નાન કરીને વિશ્વનાથ મંદિર તરફ જઇ રહ્યાં હતા ત્યારે એ અચાનક લપસી પડ્યાં અને બેભાન થઇ ગયાં. રસ્તે જતાં એક સંન્યાસીએ એમને ઊંચકી મંદિરનાં પગથિયાં ઉપર મૂક્યાં. મૂર્છા ઊતરી અને એમણે આંખો ઉઘાડી જોયું તો એ મદદ કરનાર સંન્યાસી સ્વયં દુર્ગાચરણજી હતા. ક્ષણ ભર બંને વિહ્‌વળ બની ગયાં. 'માયા! માયા! ઉચ્ચારતાં દુર્ગાચરણજી પળવારમાં અદૃશ્ય થઇ ગયા. એ અનાસક્ત જીવોએ એકાત્મભાવે સંસાર સ્વીકારી લીધો હતો.'

એક વાર ફરતાં-ફરતાં દુર્ગાચરણજી કલકત્તામાં આવી ચડ્યાં પરિવાર અને સ્વજનોએ પરાણે તેમણે ઘેર લઇ ગયાં. અવાચક થઇ તેઓ જોઇ રહ્યા. ઘેર પહોંચ્યા પછી એક ઓરડીમાં તેઓ શૂન્યમનસ્ક થઇ પડી રહ્યાં... ખાવા પીવાનું છોડીને તેઓ આમ જ ત્રણ દિવસ અહીં રહ્યાં. સ્વજનોને બીક લાગી કે 'કદાચ આપણે હાથે જ એમનું મૃત્યુ થાય.' તેમણે બારણાં ઉઘાડી નાખ્યાં. ક્ષમનો પણ વિચાર કર્યા વગર તેઓ ચાલી નીકળ્યા. આવી દૃઢ સંન્યાસવૃત્તિ તેમનામાં ભરેલી હતી. ભગવાન બુધ્ધના જીવનમાં પણ પરિવાર પાસે ભિક્ષા માંગવાની ઘટનાથી આપણે વાકેફ છીએ. કુદરતની અકળ લીલામાં આવું પુનરાવર્તન જવલ્લે જ જોવા મળે છે. યુગ નિર્માણના નિમિત્ત બનનારા લોકોનાં જીવનમાં કદાચ આવી પુનરાવર્તિત ઘટના રચાતી હશે. કે કુળમાં અવતરનાર મહાન આત્મા માટેનું વાતાવરણ ઘડાતું હશે?! ઇશ્વરની શોધમાં સંસારનો ત્યાગ કરીને નીકળી પડેલા વિવેકાનંદજીના સંસ્કારમાં આ ઘટનાઓ એટલો જ પ્રકાશ પાડે છે. વ્યક્તિનું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે. પુનર્જન્મ અને આનુવંશિક સંસ્કારોની બાબત હજુ પણ વણ ઉકેલી છે. કયારેક આવી ઘટનાઓ થકી આપણે શ્રધ્ધેય બનીએ છીએ.

ત્યાગ અને વૈરાગ્યની વાત કરીને આપણે ફુલાઇ જઇએ છીએ. ક્યારેક સારા શબ્દો પ્રયોજીને અને હૃદય સ્પર્શી ઘટના પ્રયોજીને આ લખનાર જેવા આનંદિત થતાં હશે, કયારેક વાંચીને પણ આપણે શબ્દસત્સંગ - પ્રસંગરંગનો આનંદ લઇએ છીએ, પણ આ વૃત્તિ વિચારીને એટલી સહેલી નથી જ નથી. ગીતા કે વેદોની ફિલોસોફી લખી - લખી આપણામાં વૈચારિક પકવતા આવી શકે, પણ જીવન પકવતાની બાબતમાં અનેક પ્રશ્નો ઊભા રહે જ...! 'યે ન ત્યક્તેન ભૂંજીયા' ની વાત ઝટ સમજાઇ જાય પણ ઝટ જીવનમાં આવતાં ખૂબ વાર લાગે. ત્યાગીને ભોગવમાં આપણને શંકા છે. છોડી દેવામાં આપણું સર્વસ્વ ચાલ્યા જવાનો ભય છે. અનેક શંકાઓથી ભર્યું આ જીવતર છે. હરિશ્ચંદ્ર જોશીના શબ્દોમાં...

'ખૂણામાં ચચરે છે સદીઓનાં અંધારામાં,
કોરી અણસમજની મેશ.
પથ્થરિયાં સપનાંઓ ઊગે છે રસ્તામાં,'
લાગે છે જીવ લગી ઠેસ.
સાંચાજી, મારી આંખોને પરસો જરી.
અઘરી કંઇ જીવતરની ભાષા ઉકેલવી, અજવાળાં આંજો હરિ.

આવી તો કૈંક દ્વિધાઓ વચ્ચે સ્વામીજીના જીવતરમાં અનહદ આનંદની ક્ષણો હાથ લાગી જાય... કહેવાય નહીં...!

**સ્વીટ રેઇન :**

મહાન કાર્યો કદી આસાનીથી થઇ શક્યાં છે? સમય, ધૈર્ય અને અદમ્ય ઇચ્છાશક્તિ પોતાનું જ પરિણામ બતાવી આપશે જ.

**- સ્વામી વિવેકાનંદજી**

# અક્ષરધામ એટલે કે પરમ ચૈતન્યની અનુભૂતિ અને પ્રાપ્તિ ત્યારે જ થાય; જયારે દિલ સાથે - મન સાથે જળોની જેમ વળગેલ 'અહ્‌મ' છૂટો પડે

## કાવ્યાસ્વાદ સેતુ

## " 'હું' થી હરિ વેગળો " ની સંવેદના

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ

## શબ્દ સેતુ

- નટવર હેડાઉ
- મૂળજીભાઈ પરમાર 'દધિ'

### ઓ પંખીડા

ઓ પંખીડા, તું ઊંચે ઉડજે ગગનમાં,
સ્વૈર વિહારી થઈ, ના અહમ્‌માં.
તાકડે તું ધરતીના ચમનમાં,
કરૂણા રસ લઈ, ના કંટાળા મનમાં.
રહેજે તું મસ્ત ગગનમાં,
ભક્તિરસ લઈ, ના પાખંડમાં,
રહેજે તું રામના રટણમાં,
નિર્મળ મનથી, ના દુનિયાની ખણખણમાં,
ના રહ્યો રાજા, રાવણ અહ્‌મમાં,
ઓ પંખીડા તું ઊંચે ઉડજે ગગનમાં,
મંજિલ તારી ઊંચે, ના રહેતો અભાનમાં,
જાણજે તું શ્રેય તારૂં હરિના ધામમાં,
જાવું જો તારે અક્ષરધામમાં, ઓ પંખીડા...

- બીપીન પટેલ

ગુજરાતના જૂના અને નવા પાટનગર અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે વસેલા એક નાનાશા ગામ 'કાળા ગામ' માં જન્મ ધરીને, ગાંધીનગરમાં સ્થાઈ થયેલા અને ધરતીમાં ધરબાયેલ પૃથ્વીના અર્ક (તેલ) ના વેપાર સાથે સંકળાયેલ 'હિન્દુસ્તાન પેટ્રોલિયમ'ની અમદાવાદ ખાતેની કચેરીમાં સેવા પ્રદાન કરતાં શ્રી બીપીન મણીભાઈ પટેલ, એક આધ્યાત્મિક અને સંવેદનશીલ માણસ છે. 'સંવેદના' એ તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. જેમાં તેમણે મહદ્‌અંશે આધ્યાત્મિકતા અને હરિરસનો મહિમા ગાયો છે.

શ્રી બીપીન પટેલના કાવ્ય અને હાઈકુ સંગ્રહ 'સંવેદના' માં સંગ્રહિત આ રચના 'ઓ પંખીડા' માં પ્રભુ પ્રત્યેના ઈતબાર - વિશ્વાસની નિર્મળ અને નિર્વિકલ્પ શ્રધ્ધા પ્રગટ કરી છે. માનવને 'પંખીડા' તરીકે સંબોધી 'અહંમ' ને ત્યજી દઈ, ગગનમાં ઉડવા - સિધ્ધિનાં શિખરો સર કરવા 'સ્વૈર વિહારી' થઈ ઉડવા પરંતુ નજર તો ધરતી તરફ રાખી - વાસ્તવિક જીવન જીવવાનો એક ઉમદા સંદેશ છે, જો કે, પંક્તિમાં થયેલ 'સ્વૈર વિહારી' શબ્દાંકન એ અહીં જરા ખૂંચે છે. બંધ બેસતો - યોગ્ય જણાતો નથી, કારણ કે, 'સ્વૈર વિહારી' એટલે તો સ્વચ્છંદી - નિરંકુશ અથવા મરજી મુજબ આચરણ કરનાર! જયારે અહીં તો 'અહમ' ત્યજીને વિહરવાનું જણાવેલ છે, પરમાત્માના ડરનો અંકુશ લદાયેલ છે. છૂપો સંદેશ છે. કારણ કે, માણસ આકાશે ઊંડે, એટલે કે પ્રગતિના અવનવાં સોપાન સર કરે, પરંતુ જો તે નીચે નજર ન રાખે - એટલે કે વાસ્તવિકતાથી દૂર જાય તો, 'અહમ્' તેના ઉપર સામ્રાજય જમાવે અને કયારે પતન થાય અને સિધ્ધિના એ ઊંચા આકાશેથી કયારે નીચે ફેંકાઈ જાય તે કહેવાય નહીં!

પાખંડને ત્યજીને ભક્તિરસમાં તરબોળ થઈ, મસ્તમગનમાં રહેવા એ જગતનિયંતાનું કાવા-દાવા, ખણખોદથી દૂર રહેવા જણાવતાં કહ્યું છે :

**"રહેજે તું મસ્ત ગગનમાં, ભક્તિ રસ લઈ, ના પાખંડમાં,**
**રહેજે તું રામના રટણમાં, નિર્મળ મનથી, ના દુનિયાની ખણખણમાં"**

આ રચનામાં 'અહંકાર' ત્યજવાના મુખ્ય સૂરનો રણકાર છે. એ સાચું જ છે કે, અહંકારનું આગમન એટલે પરમ ચૈતન્યનો હ્રાસ!

અહંકારની કુટિલતા અને આ અહંકાર કેટલો વિનાશક છે તે સમજવાની, અજ્ઞાનની દીવાલોને કારણે - પડળોને લીધે માનવ સારા-નરસાનો વિવેક ખોઈ બેસે છે અને પોતે જે કંઈ કરે છે તે જ સાચું છે, તેવા ખોટા ભ્રમમાં રાચીને, તેની પોતાની જ નહીં પરંતુ, સાથોસાથ અન્યની પણ ખુવારી અને વિનાશને નોંતરે છે. એટલે જ કહ્યું છે :

"ના રહ્યો રાજા, રાવણ અહ્‌મમાં,
તારૂં ન રહેશે, ના રહેતો ભરમમાં."

આમ, માનવ જીવનમાં 'અહંમ' - હુંપણું કેટલો વિનાશ સર્જે છે તેનું આપણી સમક્ષ ઉદાહરણ છે. 'રાવણનો અહંકાર' અને તેનું પરિણામ!

વધુમાં પ્રગતિની ઊંચી મંજિલ પામવા માનવને ઊંચે ગગનમાં સભાનપણે (અભાનપણે નહીં) ઉડવાની સાથોસાથ કહ્યું છે :

**"જાણજે તું શ્રેય તારૂં હરિના ધામમાં,**
**જાવું જો તારે અક્ષરધામમાં"**

આમ અક્ષરધામ એટલે કે પરમ ચૈતન્યની અનુભૂતિ અને પ્રાપ્તિ ત્યારે જ થાય; જયારે દિલ સાથે - મન સાથે જળોની જેમ વળગેલ 'અહ્‌મ' છૂટો પડે, કારણ કે, અહ્‌મનો ઓથાર, પરમ ચૈતન્ય તરફના પ્રયાણને રોકે છે. અહંકારના પડળને કારણે, 'અહ્‌મ' - 'હું' પણ ઈશ્વર જેટલો જ વિરાટ જણાય છે. આ બાબતે સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીના બોલમાં કહું તો 'આત્મવિશ્વાસ અને અહંકાર - અહ્‌મ વચ્ચેની ભેદરેખા ખૂબ જ પાતળી છે.' આથી એ જોવા - સમજવાનું ચુકી ન જવાય તે નજર સમક્ષ રાખવાનું - ખાસ જોવાનું રહે છે.

કર્તૃત્વનો અહંકાર દાખવનારનો વિકાસ અટકી જાય છે અને 'અહંકારી' હંમેશાં સમસંવેદન કે કરૂણા વિહોણો હોય છે અને તે કદાપિ પરોપકારી કે પ્રભુનો વહાલો બની શકતો નથી અને એટલે જ તો કહેવાયું છે : 'હું થી હરી વેગળો!'

"સંવેદના" સંગ્રહની આ રચના 'આ પંખીડા' માં હૃદયની ભાવનાઓ અને દિલની સંવેદનાઓનો ભરપૂર પ્રવાહ વહે છે અને તેના પડઘા પણ પડે છે, પરંતુ આ રચનામાં કાવ્યત્વની ઊણપ જણાય છે - તેની સદંતર ગેરહાજરી વર્તાય છે, જે કોઈ પણ કવિ દિલને કઠે એ સ્વાભાવિક છે. આ રચના એક 'અહ્‌મ' - ત્યાગની અને પ્રભુ સ્મરણની - પ્રભુ પ્રત્યેના પ્રેમનું - આર્શનું એકમાત્ર વર્ણન - ઉપદેશ બની રહે છે. રચનામાં ઊર્મિ પ્રવણતા દેખાય છે અને હૃદયના ભાવોનો પ્રવેગ જાણે શબ્દોમાં સીધો જ ઉતરતો ભાસે છે અને તે વ્યક્તિગત સંવેદના સ્તરે જ અટકી જતું હોઈ, આ સંવેદન કાવ્યાત્મકતામાં રૂપાંતરિત થતું જણાતું નથી. અને કદાચ એટલે જ ડૉ. ચિનુ મોદીએ શુભેચ્છા વ્યક્ત કરતાં કહ્યું છે : "કાવ્યનું ગણિત આ કવિએ ગણવાનું રાખી, હવે પછી લખે." જે સૂરગંગામાં મારા સૂરનું ઝરણું વહેતું મુકી, શ્રી બીપીનભાઈ પટેલને મારી દધિ છલકતી શુભકામનાઓ પાઠવું છું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જીવનને સદાય ધબકતું રાખો - જિંદગીને જીવંત રાખો

## ચેતનાનો સમય

- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ

**'સતત ધબકે ભીતર, ખરો એ જ છે'**

**- હર્ષ બ્રહ્મભટ્ટ**

જાણે કે મારામાંથી ચેતના ચાલી ગઈ હોઈ એવી જિંદગીની રફતારમાં ખોવાઈ ગયો. લેખની શરૂઆતમાં જ વાચકોને વણમાંથી સલાહ આપું છું. જિંદગીની રફતારમાં ખોવાઈ જવાને બદલે જિંદગીને ધબકતી રાખો. જિંદગીને જીવંત બનાવો. હર્ષ બ્રહ્મભટ્ટ રચિત ગઝલ સંગ્રહ હાથમાં આવ્યો અને ગઝલો વાંચતા વાંચતા મારી ચેતના જાગી ગઈ. અર્થાત્ માણસે વાચનનો શોખ કેળવવો જોઈએ. ગ્રંથાલયો છે, સારા સારા પુસ્તકો વાંચવા જેવા છે, કોઈ નહિં તો વર્તમાનપત્રોમાં પણ અમારા જેવા લેખકોની કૉલમ વાંચશો તો તમને ચેતનવંતા બનાવી દેશે. કૉલમ વાંચશો તો તમને ચેતનવંતા બનાવી દેશે. વાંચવાની ટેવ પાડશો તો તમારૂં હૃદય ધબકતું રહેશે. માણસે અંદરથી અને બહારથી પોતાની ધબકતી રાખવાની વાત ગઝલકારે કહી છે. જિંદગીને ધબકતી રાખવામાં ઉંમરનો બાધ નડતો નથી. સીનીયર સીટીઝનો પણ પોતાની જિંદગીને ધબકતી રાખી શકે છે. તે માટે કોઈક નાની મોટી મનગમતી પ્રવૃત્તિ કરવી જોઈએ. હર્ષ બ્રહ્મભટ્ટ રચિત કેટલીક ગઝલોનો આજે રસાસ્વાદ માણીએ એક ગઝલમાં તેમણે વાત કરી છે કે -

**"ભાગ્ય પણ કેવું ઘડ્યું છે ઈશ્વરે**
**ખેતરો ખોવાય ત્યારે હળ મળે"**

આપણા જીવનમાં એવું બને છે કે બધું ખોવાઈ જાય, બધું લૂંટાઈ જાય, બધું નાશ પામે ત્યારે ઈશ્વર આપણને જીવવા માટે ફરી પાછા ઉભા થવા માટે ફરી પાછું જીવન ધબકતું બનાવવા માટે એક તક આપે છે, અને એ તકરૂપે ગઝલકાર હળની ઉપમા આપે છે. ખેતરો રહે નહિ પછી હળ શા કામનું? પણ ખેતરો એ તો એક ઉપમા છે. જિંદગીમાં બધું ગુમાવી દઈએ પછી હતાશ થઈને, નિરાશ થઈને માથે હાથ દઈને નસીબને દોષ દઈને બેઠા રહેવાથી જિંદગી ધબકતી બંધ થઈ જાય છે. જિંદગી જીવવા જેવી લાગતી નથી, પણ ગઝલકાર કહે છે.

છેવટે તમને તમારી જિંદગીને ધબકતી બનાવવા ઈશ્વર એક તક તો આપે છે. એ તકને ગઝલકાર હળની ઉપમા આપે છે. બીજી એક ગઝલની વાત જાણવા જેવી છે.

**"હોય છે કયાં કોઈ પોતાનું છતાં પણ**
**બાચકી ભરવા હવામાં નીકળું છું."**

કેટલાક લોકોને હવામાં બાચકા ભરવાની ટેવ હોય છે. કોઈ કોઈનું નથી પણ માણસ બીજાને પોતાનું સમજીને હવામાં બાચકાં ભરવા જતાં હોય, તેમ બીજાની મદદ લેવા મથામણ કરે છે. અરે ભાઈ, તમે જ તમારી જાતને મદદ કરી શકો છો.

તમારી જાતને ફરીથી ધબકતી બનાવો. હતાશા ખંખેરી નાખો. કર્મ કરો, કોશિષ કરો, એકવાર, બે-ત્રણ વાર પ્રયત્ન કરો. પણ પારકી આશાએ જીવન જીવવાથી જીવનનાં ધબકારા ઉછીના નકામા છએ. કોઈ કોઈનું નથી. તમે પોતે જ તમારા પોતાના છો. આત્મખોજ કરો. જિંદગીને ધબકતી બનાવવા પ્રયત્ન કરો. સફળ થશો. પણ ખોટાં હવામાં બાચકાં ભરવાનું બંધ કરો. બીજી એક ગઝલમાં હર્ષ બ્રહ્મભટ્ટે આવી જ કાંઈક વાત કરી છે.

**"કયાંક પાણી નહીં મળે તરસ્યો મરીશ**
**જયાં ને ત્યાં દરરોજ કૂવા ગાળમાં"**

કેટલાક લોકો તરસ્યા થાય છે. અર્થાત્ ગઝલકાર એવું કહેવા માંગે છે. જિંદગીમાં રોજબરોજની ઘણી જરૂરીયાતો હોય છે. જેમ પાણીની જરૂર છે તેમ. પણ ઘણા લોકો પોતાની જરૂરીયાત સંતોષવા માટે કે પછી પોતાના જીવનને કોઈક પોરો ખાવાનું સ્ટેશન મળશે તેમ માણસ પોરો ખાવા માટે ઓટલો શોધવા કે બીજાના ઘરે ભટક્યા કરે છે. અરે ભાઈ, આવી રીતે તારી તરસ છુપાશે નહીં. જયાંને ત્યાં બે હાથ પહોળા કરીને કે તારું સ્વમાન ગુમાવીને બીજા પાસેથી જિંદગીના ધબકારા મળશે એની આશાએ સંબંધોના કૂવા ખોદવા મથામણ કરે તો તરસ છુપાવાની નથી.

બીજે કયાંક જવાથી કે બીજાની આશા ઉપર જીવન જીવવાની કોશિષ કરવાથી કાંઈ વળવાનું નથી. જયાં ને ત્યાં કૂવા ગાળવાની વાત ગઝલકારે કહી છે, તેમાં એક સંદેશો છે કે તારામાં પોતાનામાં જ એક કૂવો છે એ કૂવાને ખોદ - તારા પોતાના હૃદયના ધબકારાને તેં પોતે જ મારી નાખ્યા છે. એ ધબકારાને જીવંત બનાવીશ તો તેમાંથી જીવવા માટેનો પાણીનો ફૂંવારો મળશે. 'પારકી આશ સદા નિરાશ' એ કહેવત આ ગઝલમાંથી નિષ્કર્ષ થાય છે. બીજી આવી જ એક ગઝલમાં સરસ વાત કરી છે.

**"સદા જંજાળમાં ડૂબ્યા રહીને યંત્રવત જીવન**
**અને વચ્ચે જીવી લેવાનું કોઈને ચાહી ભીતર થી"**

વાહ, આ ગઝલમાં કેવી મઝાની વાત કરી છે. જિંદગી તો યંત્રવત ચાલ્યા કરે છે. જિંદગીની અનેક ઝંઝાળોમાં ડૂબ્યા રહીને તમારી જિંદગીને યંત્રવત ના બનાવો પણ વચ્ચે વચ્ચે પોરો ખાવા કોઈકની ચાહના મેળવો, કોઈનો પ્રેમ મેળવો, કોઈની હૂંફ મેળવો. પ્રેમ આપો અને પ્રેમ મેળવો. પ્રેમ તમારી યંત્રવત જિંદગીને ધબકતી બનાવશે, આનંદમય બનાવશે, સુવાસમય બનાવશે, જિંદગી જીવવા જેવી લાગશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

## ૧૬મી જૂન



- સંત કબીરનો આજે જન્મદિન. તા. ૧૬-૬-૧૩૯૮માં કાશી શહેરમાં તેમનો જન્મ થયો. તેમના સાહિત્ય પર હિન્દુ અને મુસ્લિમ બંને ધર્મનું તત્ત્વજ્ઞાન, સૂફીસંત, અદ્વૈતમત અને યોગસાધનાનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. તેમની રચનાઓ 'બીજક' નામે સંગ્રહમાં જાણીતી છે.
  કબીરવાણી તેમના દુહા દ્વારા આજેય લોકોના હૃદયમાં છે. અનાવશક વ્રત, બાહ્ય કર્મકાંડને આક્રમકતા પૂર્વક વિરોધ કરીને ભક્તિ કથા શ્રધ્ધાને મહત્ત્વ આપનારા સંત કબીરનું અવસાન તા. ૧૬-૫-૧૫૧૮ માં થયું. તેઓ ભારતીય સાહિત્યમાં શ્રેષ્ઠ કવિ તરીકે મનાય છે.
- ૧૮૭૫ માં રાજા સયાજીરાવ ગાયકવાડનો વડોદરાના રાજવી તરીકે વિધિસર રાજ્યાભિષેક.
- ૧૯૯૧ - વિજાણુ સંગઠનના શોધક જહોન ટેનાસોફ્નું અવસાન.
- દેશબંધુ ચિત્તરંજન દાસ તથા કવિ કાન્ત (મણીશંકર ભટ્ટ) નું અવસાન ૧૯૨૩.